19AT-MGUJ-CO-01-00001

Seat No. _____

MASTER OF ARTS (GUJARATI) - EXTERNAL Examination

MA GUJ Semester - 1 JANUARY 2025 (External) JANUARY - 2025

BHASHA-SAHITYA KAUSHAL

Faculty Code : 001

Subject Code : 19AT-MGUJ-CO-01-00001

Time : 2.30 Hours] **[Total Marks : 70**

સૂચના: બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

Q.1 નીચે આપેલ કાવ્યનો આસ્વાદ કરાવો. 14

ઈસુની છબી ટિંગાડતાં

રહું છું ઊભો જે તમ છવિની સંમુખ ભગવન!
થવા દો છું ખુલ્લા હૃદય પર જે ક" થતું ભલે;
તમોને પહેરાવ્યો મુગટ વીણી તીણી શૂલ તણો
દીસે તાજો જાણે અબઘડી મૂક્યો મેં જ તમ પે;

તમારા તો હેરા ઉપર, નયનોમાં દરદની
કરુણાની આભા ચકરઈ રહી એવી, શૂલનું
બની જાતું ચહેરા ફરતું કિરણો કેરું વલય!
ધસી આવી ફોટાબહિર દગ ભોંકાઈ જ જતું;
હથોડી આ રીઢા કરથી ઊંચકાતી ધ્રૂજી જતી;
ફરી પાછા ખીલા મુજ કર, અને આપ કૂસ પે!

પ્રભો, આ તે કેવું નસીબ મળ્યું છે કે વળી વળી
તમારી સામે હું કંઈ કંઈ મિષે આવી જ જઉં!
થશે ક્યારે સાચી રીતનું તમ સંમુખ ઊભવું?
નીચે મોઢે, લજ્જા સહિત અપરાધી શું ઊભવું?

- ઉશનસ

અથવા

Follow @shyamsireducation 7600301012 www.shyamsireducation.in

Q.1 નીચે આપેલ કાવ્યનો આસ્વાદ કરાવો. 14

ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી;
જોવા'તાં કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડયો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

- ઉમાશંકર જોશી

Q.2 નીચે આપેલ ગદ્યખંડનો સાર આપો. 14

નીતિ વિષેના ચાલતા વિચારો ભારે નહીં કહેવાય. કેટલાક એમ માને છે કે નીતિની બહુ દરકાર રાખવાની નથી. કેટલાક વળી એમ માને છે કે ધર્મને તથા નીતિને સંબંધ નથી. પણ દુનિયાના ધર્મો તપાસતાં દેખાઈ આવે છે કે, નીતિ વિના ધર્મ નભી શકે નહીં. ખરી નીતિમાં ધર્મનો સમાવેશ ઘણે ભાગે થઈ જાય છે. જેઓ પોતાના સ્વાર્થને અર્થે નહીં પણ નીતિને ખાતર નીતિના નિયમો જાળવે છે તેઓને ધાર્મિક ગણી શકાય.ખરી નીતિનો એ નિયમ છે કે, આપણે જાણતા હોઈએ એ માર્ગ લેવો એ બસ નથી, પણ જે માર્ગ ખરો છે એમ આપણે જાણતા હોઈએ, તે માર્ગથી આપણે વાકેફ હોઈએ કે નહીં તોપણ, આપણે તે લેવો જોઈએ. એટલે કે, અમુક માર્ગ ખરો છે એમ આપણે જાણતા હોઈએ ત્યારે નિર્ભય થઈ તે માર્ગમાં ઝંપલાવવું જોઈએ. આમ નીતિ જાળવાય તો જ આપણે આગળ વધી શકીએ. એટલે નીતિ તથા ખરો સુધારો અને ખરી ચડતી હમેશાં એકસાથે જોવામાં આવે છે.આપણી ઈચ્છાઓ તપાસીશું તો આપણને જણાશે કે જે વસ્તુ આપણી પાસે છે તેને માટે તે ઈચ્છાઓ હોતી નથી. જે ચીજ આપણી પાસે નથી તેની કિંમત આપણે સદાય વધારે ગણીએ છીએ. પણ ઈચ્છા બે પ્રકારની છે. એક આપણો પોતાનો સ્વાર્થ સાધવાની: આવી ઈચ્છા પાર પાડવાનો પ્રયત્ન કરવો તેનું નામ અનીતિ. બીજા પ્રકારની ઈચ્છા એ છે કે આપણે હમેશાં સારા તરફ અને પારકાનું ભલું કરવા તરફ વલણ રાખીએ. આપણે જેટલું સારું કરીએ તેથી કદી છલકાઈ જવાનું નથી. તેની કિંમત આપણે કરવાની નથી પણ વધારે સારા થવાની અને વધારે સારું કરવાની ઈચ્છાઓ નિરંતર ધરાવતા રહેવાનું છે. આવી ઈચ્છાઓ પાર પાડવાને જે વર્તન કરવામાં આવે તેનું નામ ખરી નીતિ. - ગાંધીજી

અથવા

Follow @shyamsireducation 7600301012 www.shyamsireducation.in

Q.2 નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. 14

માનવના આત્મલક્ષી જીવનનો કેટલો મોટો ભાગ પુસ્તકોના વસ્તુનો બનેલો છે એ સમજવા માટે આપણે એક ક્ષણ થોભીને સાહિત્ય આપણે માટે શું કરે છે એનો વિચાર કરીશું. સાહિત્ય મારફતે આપણે ભૂતકાળના મહાપુરુષો સાથે સંપર્કમાં આવીએ છીએ – પ્લેટો સાથે, બુદ્ધ સથે, મોન્ટેઈન સાથે, એડિસન સાથે; આપણે બેબિલોનના, એથેન્સના, રોમના, એલેકઝાન્ડ્રિયાના માર્ગો ઉપર ફરીએ છીએ; આપણે જમાનાઓ પહેલાં બંધાયેલાં અને લાંબા સમયથી ધૂળ ભેગાં થઈ ગયેલાં મોટાં મોટાં સ્મારકો જોઈએ છીએ; પ્રાચીન જમાનાના જીવનનું આપણે પુનઃસર્જન કરીએ છીએ અને એ રીતે તુલના દ્વારા આજના માણસોએ સાધેલી પ્રગતિનું માપ લઈએ છીએ. સાહિત્ય મારફતે આપણે એરિસ્ટોટલ પાસેથી જ્ઞાન, યુક્લિડ પાસેથી ભૂમિતિ, જસ્ટિનિયન પાસેથી કાયદો, ખ્રિસ્ત અને સેંટ પોલ પાસેથી નીતિ શીખીએ છીએ. સાહિત્ય સામસામા ધ્રુવનાં પ્રાકૃતિક લક્ષણો, રહેવાસીઓ, હવાપાણી, અને પેદાશોને પડોશના દેશનાં હોય એમ પરિચિત બનાવી દે છે. એથી પણ વધુ તો એ કે સર્જક સાહિત્યના સ્વામીઓએ પોતાના આગવા પ્રદેશો રચ્યા છે અને તેમાં પોતાની પ્રતિભાનાં સંતાનને વસાવ્યાં છે. હોમરે આપણને સૂર્યોજ્જવલ દ્વીપો અને ફિરમજી સમુદ્રોવાળો ઈજિયન દેશ આપ્યો છે; ડાન્ટેએ અંધકારમય અને રહસ્યભર્યો ઈન્ફર્નો, મિલ્ટને ઈડનનો બગીચો; શેકસપિયરે એલિઝાબેથના ઈંગ્લેન્ડનાં પ્રાકૃતિક દશ્યો અને વતનીઓ કરતાં વધુ ભભકભર્યા રંગવાળાં પ્રાકૃતિક દશ્યો અને સુન્દર અને તાદશ સ્ત્રીપુરુષોવાળું એલિઝાબેથના જમાનાનું ઈંગ્લેન્ડ; મોલિયેરે મહાન રાજાઓના ફ્રાન્સ કરતાં પણ વધુ સ્વાભાવિક અને વધુ તાદશ ફ્રાન્સ આપ્યું છે. અને એથી જ ઓડિસિયસ, ઍન્ટિગોનિ, બિયેટ્રિસ, હૅમ્લેટ, તાર્તુક અને બીજાં મહાન આત્માઓનાં આધ્યાત્મિક સંતાનો મોઝિઝ, ઍલેકઝાંડર, સીઝર, જોન એવ આર્ક અને હેનરી આઠમાની જોડાજોડ વસે છે ? કારણ, સાહિત્યે એ દરેકનું વ્યક્તિત્વ આપણા નિકટતમ કે પ્રિયતમ મિત્રોના વ્યક્તિત્વના જેટલું જ અત્યંત પરિચિત બનાવી દીધું છે.

– નગીનદાસ પારેખ

Q.3 છંદ એટલે શું ? તે સમજાવી એના મહત્ત્વનાં ઘટકતત્વો વિશે વાત કરો. 14

અથવા

Q.3 અલંકાર એટલે શું ? તે સમજાવી સાહિત્યમાં તેની ભૂમિકા શું છે એ વિશે વાત કરો. 14

Q.4 પ્રૂફવાંચનમાં પ્રયોજાતી વિવિધ સંજ્ઞાઓનો પરિચય કરાવો. 14

અથવા

Q.4 જોડણીના નિયમો વિશે સાધાર ચર્ચા કરો. 14

Q.5 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) 14

1 કાવ્યમાં પ્રતીકની ભૂમિકા

2 મંદાક્રાંતા અને ઝૂલણા છંદ ઉદાહરણ આપી સમજાવો.

3 રૂપક અને ઉપમા અલંકાર વચ્ચેનો સામ્ય-ભેદ

4 જોડણી સુધારવા માટેની વિવિધ તરકીબો

Follow @shyamsireducation 7600301012 www.shyamsireducation.in